
## ચાલો મનાવીએ, પરાક્રમી જવાનોને
## ૨૧ તોપોની સલામીનું પર્વ

# યુદ્ધ '૭૧



૧૯૭૫માં બનેલી ‘આક્રમણ’ ફિલ્મનું કિશારકુમારના કંઠે ગવાયેલું અવિસ્મરણીય ગીત છે: ‘દેખો વીર જવાનો અપને ખૂન પે યે ઈલજામ ન આયે, માં ના કહે કે મેરે બેટે વખ્ત પડા તો કામ ન આયે.’

૧૯૭૧માં ભારતીય જવાનોને વતનપરસ્તીની અને ફરજપરસ્તીની આવી રીતે યાદ અપાવવાની જરૂર ન હતી. ડિસેમ્બર ૩, ૧૯૭૧ની સાંજે રણહાક પડી કે તરત બહાદુરોએ શત્રુનાશ માટે બાંયો ચડાવી અને ૧૩મા દિવસે આક્રમણખોરોને પરાસ્ત કરી શરણગતિનો પત્ર લખી આપવા મજબૂર કરી છે.

વિજયદિનની ૫૦ મી જયંતિએ આજે તે રાષ્ટ્રપૂતોનું પાવન સ્મરણ કરીએ. યુદ્ધમાં જેઓ જખમી થયા, જીવ પડીકે બાંધી જેઓ લડ્યા અને જેમણે ભારતમાતાની સુરક્ષાના કાજે જાન ખોયા એ જવાનો ૨૧ તોપોની સલામીના હક્કદાર છે. આજથી શરૂ થતી રોજેરોજના અહેવાલોની શ્રેણીની PDF આપ દરેક વ્યક્તિ પોતાના ૨૧ સ્નેહી-મિત્રો-સગાંને મોકલો, જેથી વધુમાં વધુ લોકો રાષ્ટ્રપૂતોના પરાક્રમો અંગે વાકેફ બને. નક્કી માનો કે ૨૧ PDF મોકલવાનું આપનું કાર્ય એ શૌર્યવાન જવાનોને પ્રતીકાત્મક રીતે અપાયેલી ૨૧ તોપોની સલામી બની રહેશે કે જેમાંના ઘણા ખરા આજે હયાત નથી.





# તારીખ ૪,૧૯૭૧: આ તારીખે ૫૦ વર્ષ પહેલાં શું બન્યું?

ડિસેમ્બર 3-4, 1971ની રાત્રે ભારતની મિસાઈલ બોટના કાફલાએ પાકિસ્તાનના કરાંચી નૌકામથક પર પોલાદી ફટકો લગાવ્યો એ વખતે ભૂમિમોરચો પણ શાંત ન હતો. ભારત-પાક સરહદને શત્રુ માટે અભેદ્ય રાખવાની જવાબદારી ભૂમિદળના વેસ્ટર્ન કમાન્ડના સેનાપતિ લેફ્ટનન્ટ - જનરલ કે. પી. કેન્ડેથ સંભાળી રહ્યા હતા. અનેક યુદ્ધોમાં ઝળકેલા કેન્ડેથે તેમના *The Western Front, Indo-Pak War 1971* નામના પુસ્તકમાં લખ્યું છે કે ઑક્ટોબરના બીજા જ અઠવાડિયા દરમિયાન પાકિસ્તાન ખાતેના ભારતીય હાઈ કમિશને (દૂતાવાસે) નવી દિલ્હીને જાસૂસી બાતમી પહોંચાડ્યા મુજબ પાકિસ્તાન ભારત પર આક્રમણની તૈયારી કરી રહ્યું હતું. ઉપરાંત કરાંચી બંદરે લાંગરેલા એક પરદેશી જહાજના કેપ્ટને પાકિસ્તાનની એ યોજનાને લગતો ગુપ્ત સંદેશો વાયરલેસ પર ઝીલ્યો હતો અને કશાક માધ્યમ દ્વારા એ લેફ્ટનન્ટ-જનરલ કેન્ડેથને પહોંચ્યો હતો. આ જાણકારી મળ્યા પછી કેન્ડેથે આપણા ભૂમિદળના સેનાપતિને ઑક્ટોબર 14, 1971ના રોજ ચેતવણીનો સંદેશો પાઠવ્યો ત્યારે સેનાપિતએ ખુલાસો માગ્યો. કેન્ડેથે તેમના પુસ્તકમાં નોંધ્યું છે કે, 'All I could say was that if the professed attack materialized, we were in for a bad time as our own defenses where far from ready.' ભૂમિદળે તરત સંભવિત હુમલાના પ્રતિકાર માટે તૈયારીઓ શરૂ કરી દીધી.



લેફ્ટનન્ટ-જનરલ કે. પી. કેન્ડેથ

જાસૂસી બાતમી સાચી હતી. ડિસેમ્બર 3ની સાંજે પાકિસ્તાની વિમાનોએ ભારતનાં ઍરબેઝ પર હુમલા કર્યા તેના સાડા ત્રણ કલાક પછી રાત્રીના 8.30 વાગ્યે પાક આર્મીએ કાશ્મીરમાં પૂંચ અને છામ્બ સેક્ટર પર તોપો અને રણગાડીઓ વડે ગોલંદાજી શરૂ કરી દીધી. આક્રમણ જંગી પાયાનું હતું. નહિ નહિ તોય એક લાખ પાક સૈનિકો હુમલો લાવ્યા હતા. બખ્તરિયા દળમાં ચીની બનાવટની T-59 અને Sherman રણગાડીઓ મુખ્ય હતી. હુમલાનું નેતૃત્વ બાંગલાદેશમાં અગાઉ વ્યાપક માનવસંહાર કરાવી ચૂકેલા જનરલ ટીક્કા ખાને લીધું હતું. પાક વાયુસેનાનાં MIG-19 અને સેબર જેટ દ્વારા તેમને Air




*ચીની T-59 Tank*



*અમેરિકી* **Sherman Tank**

Support મળી રહ્યો હતો, એટલે ભારતીય જવાનોએ ભૂમિ તેમજ આકાશી એમ બે મોરચા સંભાળવાના હતા. આમ છતાં ભારતનો વળતો જવાબ એટલો સંગીન નીવડ્યો કે પાકિસ્તાને T-59 પ્રકારની (ચીની બનાવટની) 23 રણગાડીઓ ગુમાવી દીધી અને સવાર પડી ત્યાં સુધીમાં એટલી જ રણગાડીઓ નાશ પામી ચૂકી હતી. ટીક્કા ખાનના માર્યા ગયેલા સૈનિકોની અંદાજિત સંખ્યા ત્રણ હજાર હતી.


*વિંગ કમાન્ડર વિદ્યા ભૂષણ વશિષ્ઠ*

પાકિસ્તાન સૌથી વધુ પ્રહારો તેના હંમેશના લક્ષ્ય પૂંચ સેક્ટર પર આવી રહ્યું હતું, જેને પહોંચી વળવામાં ભારતીય ઈન્ફન્ટ્રી તેમ જ આર્મર્ડ ડિવિઝનો સારી એવી મુશ્કેલીઓ વેઠી રહી હતી. દુશ્મનો પર પસ્તાળ પાડતો બૉમ્બમારો કર્યા વગર એ દબાણ હળવું થાય એમ ન હતું.

લડાઈમાં બહાદુરીનું મહત્ત્વ તો જાણે ઓછું ન આંકી શકાય, પરંતુ ક્યારેક બહાદુરી વડે જે બાજી ન જીતી શકાય એ પેંતરાબાજી જિતાડી આપે એનું પ્રમાણ ડિસેમ્બર 3-4ની એ જ રાત્રે ભારતીય વાયુસેનાના વિંગ કમાન્ડર વિદ્યા ભૂષણ વશિષ્ઠે આપ્યું. બનાવ આમ બન્યો : ભારતીય વાયુસેનાએ AN-12 પ્રકારનાં રશિયન વાહતૂક એટલે કે સૈનિકવાહક તેમ જ શસ્ત્રવાહક વિમાનો વસાવ્યાં હતાં. એકંદર તેમને માલવાહક પણ કહી શકીએ. આ ગંજાવર પ્લેન 20,000 કિલોગ્રામ જેટલા બોજાનું વહન કરવા સક્ષમ હતું. પૂંછડીના ભાગે 23 MMની બે તોપો સિવાય બીજું શસ્ત્ર એમાં નહિ.

જતે દહાડે ઍર વાઇસ-માર્શલની પદવીએ બઢતી પામનાર જેમ્મા સ્ક્વૉડ્રનના વિંગ કમાન્ડર વિદ્યા ભૂષણ વશિષ્ઠ આપણા કેનબેરા બૉમ્બરના પાઈલટ હતા. ડિસેમ્બરની 3-જની રાતે તેમણે, સ્ક્વૉડ્રન લીડર ગુરશરણ આહલુવાલિયા અને બીજા પાઈલટો સાથે કાશ્મીરી પૂંચ ક્ષેત્રનાં લક્ષ્યો પર 226 કિલોગ્રામના અનેક બૉમ્બ વરસાવ્યા. મોતનું ભારોભાર જોખમ હોય એવા સંજોગોમાં પણ કલેજું ઠંડું રાખી શકતા વશિષ્ઠે પોતાના કેનબેરાને ખૂબ નીચા સ્તરે લાવી બૉમ્બ ઝીંક્યા. પાકિસ્તાનની તોપોનાં નાળચાં દ્વારા તોપગોળા છૂટે એ વખતે આગનો ચમકારો દેખાતો હતો. ચમકારો દેખાય, એટલે લક્ષ્ય શોધવામાં આપદા પડે નહિ. વશિષ્ઠે અને તેમની સાથેના ભારતીય વિમાનોએ બધું મળી 40 મૅટ્રિક ટન જેટલા બૉમ્બ વરસાવ્યા અને ઘણી પાક તોપોને શાંત કરી દીધી. આ પરાક્રમ બદલ તેમને મહાવીર ચક્ર વડે બિરદાવવામાં આવનાર હતા, જ્યારે સ્ક્વૉડ્રન લીડર આહલુવાલિયા વીરચક્ર વડે સન્માનિત થવાના હતા.

આ હુમલાએ વિંગ કમાન્ડર વિદ્યા ભૂષણ વશિષ્ઠની કોઠાસૂઝમાં અચાનક નિખાર આણ્યો. હવાઈ હુમલો એકંદરે સફળ રહેલો, છતાં શત્રુના તોપખાનાને તેમજ બખ્તરિયા દળોને નિષ્ક્રિય બનાવી શક્યો ન હતો. રશિયન બનાવટના ભારતીય માલવાહક વિમાન AN-12 વિશે ત્યારે વશિષ્ઠના મગજમાં યુક્તિભર્યો વિચાર ચમક્યો. આ વાહતુક પ્લેન ભારે બોજો ખમી શકે, માટે વિંગ કમાન્ડરે તેને બૉમ્બરની ભૂમિકામાં લાવી દેવાનું નક્કી કર્યું. ડઝનના હિસાબે બૉમ્બ તેમાં ખડક્યા અને શત્રુની જમાવટો પર વારાફરતી તેમની હેલી વરસાવીને તારાજી મચાવી દીધી. કેટલાક તો નેપામ બૉમ્બ હતા, જેમના વિસ્ફોટ થતાવેંત જ્વાળાઓ ભડકી ઊઠી. વેસ્ટર્ન કમાન્ડના સેનાપતિ લેફ્ટનન્ટ-જનરલ કેન્ડેથે બીજે દિવસે વાયુસેનાને મૅસેજ પાઠવ્યો કે AN-12ના હુમલાએ દુશ્મનોના આક્રમણનું જોર ભાંગી નાખ્યું હતું.

*AN-12 વાહતુક / transport પ્લેનને બોમ્બર બનાવી દેવામાં આવ્યું*



વિંગ કમાન્ડર વશિષ્ઠની માફક ભારતીય વાયુસેનાનો લગભગ દરેક હવાબાજ શાનદાર પરાક્રમ વડે પોતાની આગવી સાહસકથા આંકી રહ્યો હતો. આજની ડિસેમ્બર 4, 2021ની તારીખના બરાબર 50 વર્ષ પહેલાં ડિસેમ્બર 4,

1971ના દિવસે વિંગ કમાન્ડર (વખત જતાં ઍર માર્શલ) સેસિલ પારકરે પેશાવરના ઍરફીલ્ડને નિશાન બનાવવાનું નક્કી કર્યું. ફાઇટર-બોમ્બર હન્ટરનું બેઝ પઠાણકોટ, જ્યાંથી પેશાવર સુધીનું અંતર 400 કિલોમીટર હતું. બ્રિટનની Hawker-Siddeley કંપનીએ બનાવેલા સુરેખ કાયાવાળા હન્ટરની Radius of Action/ ROA એટલે કે પ્રવાસમર્યાદાની ત્રિજ્યા લગભગ એટલી જ, માટે સેસિલ પારકરનું મિશન જોખમી નીવડે એમ હતું.(જુઓ, નકશો.) પેશાવર પર હુમલો કરીને સરહદી પઠાણકોટ સુધી પહોંચતાં પહેલાં બળતણ ખૂટે તો સ્વદેશભેગા થવાય નહિ. ફ્લાઇટ-લેફ્ટનન્ટ ધિલ્લોં પણ એ સાહસમાં સેસિલ પારકરના સહયોગી બન્યા. બન્ને હવાબાજો પાકિસ્તાનની જાણે કે આરપાર નીકળી છેક અફઘાનિસ્તાન નજીકના પેશાવર સુધી પહોંચ્યા અને બૉમ્બ ફેંકી રન-વે પર ખાડાઓ પાડી દીધા. રન-વે પાસેના F86 સેબર જેટને પણ તોપમારા વડે ખતમ કરી નાખ્યું. એક-એક મિનિટ ગણાતી હતી, કેમ કે બન્ને હન્ટર મિનિટદીઠ લિટર બંધ હવાઈ કેરોસીન બાળી રહ્યાં હતાં.




મિશન આટોપ્યા બાદ પઠાણકોટ તરફ વળતા પ્રવાસ વખતે બે પાક સેબર જેટ પીછો કરતાં આવ્યાં. વિંગ કમાન્ડર તરીકે ચડિયાતો હોદ્દો ધરાવતા સેસિલ પારકરે તેમના જુનિયર ધિલ્લોંને ભારતની પૂર્વ દિશા તરફ ભાગી છૂટવા જણાવ્યું અને પોતે બન્ને સેબર જેટ સામે ડૉગફાઇટ ખેલવા દાવપેચ લડાવવા માંડ્યા. એક સેબરને તોડી પાડ્યું, બીજા સેબરે તેમની જોડે બાથ ભીડવાનું માંડી વાળ્યું. આ કાર્યવાહીને લીધે વીતેલા સમય દરમ્યાન ઘણું બળતણ વપરાયું હતું. હન્ટરની ફ્યુઅલ ટેન્ક ખાલી થવા આવી હતી. સેસિલ પારકરે આખરે પઠાણકોટ એરબેઝ પર તેમનું હન્ટર ઉતાર્યું. લેન્ડિંગ કરાયું કે બે-ચાર સેકન્ડોમાં એન્જિન બંધ પડ્યું, બળતણ ખૂટી ગયું હતું.

*વિંગ કમાન્ડર સેસિલ પારકર*



વિંગ કમાન્ડર સેસિલ પારકરે No. 20 સ્ક્વૉડ્રનના કમાન્ડિંગ ઑફિસર બીજું જે સાહસ ખેડ્યું તેના માટે પણ પ્રસંશાના શબ્દો ઓછા પડે તેમ હતા. નકશામાં બતાવ્યું છે તેમ હન્ટરની ટુકડી સાથે તેમણે મુરિદ નામના પાક એરબેઝ પર તરખાટભર્યો ઍટેક કર્યો. પાકિસ્તાનના પાંચ F86 સેબર જેટના ભુક્કા કાઢી નાખ્યા. મુરિદના રેડારનો ખાત્મો કર્યો અને બળતણની ટાંકીઓને અગ્નિસ્નાન કરાવ્યું.

૧૯૭૧ના ભારત-પાક યુદ્ધમાં ભારતનાં કે પાકિસ્તાનનાં વિમાનોએ આટલા મોટા પાયે ખાનાખરાબી કર્યાની બીજી ઘટના બની ન હતી. પાકિસ્તાનની વાયુસેનાના ઍર કોમોડર એમ. કૈસર તુફેઈલે સેવાનિવૃત્તિ બાદ લખેલા તેમના *In the Ring and on its Feets* પુસ્તકમાં નોંધ્યું કે સેબર જેટ ભારતને વસમા પડી જાય તેવાં પ્લેન ગણાતાં, પરંતુ મુરિદ પરના ભારતીય હવાઈ આક્રમણે તે માન્યતાને ભ્રમણા ઠરાવી દીધી.

વિવિધ પ્રકારનાં કુલ ૨૨ વિમાનો ઊડાડી જાણતા અને ઇન્ડિઅન ઍર ફોર્સમાં ૩૫ વર્ષ લાંબી કારકિર્દી દરમ્યાન બધું મળી ૩,૮૫૦ કલાક જેટલું ઉડ્ડયન કરી ચૂકેલા સેસિલ પારકરે વખત જતાં એર વાઇસ માર્શલના હોદ્દે પહોંચી ઑગસ્ટ ૩૧,

૧૯૮૬ના રોજ નિવૃત્તિ લીધી.

કોઈ પણ યુદ્ધમાં ગોળાબારૂદની જેટલી આવશ્યકતા રહે એટલી જ જરૂરિયાત વિમાનોને, યુદ્ધજહાજોને, સબમરીનોને, રણગાડીઓને તેમજ પુરવઠાવાહનોને પણ ચલાયમાન રાખતાં ડીઝલ અને પેટ્રોલ જેવાં બળતણની, માટે યુદ્ધ જીતવાના મહત્ત્વપૂર્ણ દાવ તરીકે શક્ય એટલી વહેલી તકે દુશ્મનના બળતણના પુરવઠા પર પ્રહાર કરવો જોઈએ. ભારતીય નૌકાદળ અને ભારતીય વાયુસેના બેયનો ડોળો એ લક્ષ્ય પર મંડાયેલો હતો. આ લશ્કરી વ્યૂહે વિચિત્ર યોગાનુયોગ સર્જ્યો, જે વગર કારણે વિવાદાસ્પદ પણ બન્યો.



*કરાંચી નૌકામથક પર આક્રમણ કરનાર મિસાઈલ બોટની ટુકડીના આગેવાન કમાન્ડર બાબરુ યાદવ*

પાકિસ્તાનના કરાંચી બંદરમાં આયાતી પેટ્રોલિયમની વિશાળ સ્ટોરેજ ટાંકીઓ હતી. તેલવાહક જહાજો દ્વારા આવતું પેટ્રોલિયમ તે ટાંકીઓમાં ભરવામાં આવતું હતું. નજીકમાં રિફાઈનરી પણ હતી. હવાઈ દળના અમુક કેનબેરા બૉમ્બરને ફોટોગ્રાફીનાં સાધનો વડે સજ્જ કરાયાં હતાં. કમાન્ડર કેવિના નામના પાઈલટે કરાંચી બંદરગાહના અનેક ક્લોઝ-અપ ફોટોગ્રાફ પાડ્યા અને તે નૌકાદળ ઉપરાંત વાયુસેનાને પણ આપ્યા. લશ્કરની એ બેય પાંખોએ ત્યાર બાદ કરાંચી પર ઍટેકનો પ્લાન ઘડી કાઢ્યો અને સંજોગવશાત્ સૈન્યની તે બેય પાંખોએ પોતાના એકસમાન મિશનો એક જ સમયે અમલમાં મૂક્યાં. ડિસેમ્બર 3-4ની રાતે કમાન્ડર બાબરુ યાદવના નેતૃત્વ હેઠળ અને વળાવિયા બ્રિગેડ Kiltanના રક્ષણ હેઠળ મિસાઈલ બોટના કાફલાએ કરાંચી બંદરને દાવાનળમાં હોમી દીધું.

આ તરફ વાયુસેનાના વિંગ કમાન્ડર નોર્મનની આગેવાની

*કમાન્ડર બાબરુ યાદવના કાફલાની Osa-1 ની મિસાઈલ બોટ*




નીચે ઍરફોર્સનાં ચાર હન્ટર વિમાનો કરાંચી પહોંચ્યાં અને પેટ્રોલિયમની ટાંકીઓને મશાલ બનાવી દીધી. પાકિસ્તાનના અટક / Attock ખાતેની રિફાઈનરીને તેમ જ Sui Gas Plant એમ બે વધુ લક્ષ્યો પર બૉમ્બમારો કર્યો. હુમલા દરમિયાન રેલવેલાઈનને પણ સપાટામાં લીધી, જેથી કરાંચીના પઠારી વિસ્તારોના માલનો જથ્થો બંદર સુધી અને ત્યાંથી પૂર્વ પાકિસ્તાન સુધી પહોંચે નહિ. આ હુમલાએ પ્રશ્ન જગાડ્યો કે હજારો કે પછી લાખો બૅરલ પેટ્રોલિયમનો ખાતમો નૌકાદળે કર્યો કે પછી વાયુસેનાએ? બન્ને 'પક્ષો'એ સાહસને પોતાનું ગણાવતા રહ્યા, પણ યશ કોના ખાતે લખવો એ નક્કી કરવું અશક્ય હતું. સમાન પ્રકારના બે હુમલાઓ વચ્ચે સમયનું અંતર જૂજ મિનિટોનું હતું, તેથી ગૂંચવાડો અણઉકેલ રહ્યો. સરવાળે તો યશ માટેની ખેંચમતાણ ખાસ મહત્ત્વ ધરાવતી ન હતી. મહત્ત્વ તો એ વાતનું કે હુમલોનો યશ ભારતના રાષ્ટ્રધ્વજના ખાતે લખાયો હતો.


બાંગલાદેશની ફ્રન્ટ પર તો 1971ના યુદ્ધની નોબત ડિસેમ્બર 3, 1971ને બદલે નવેમ્બર 22, 1971ના દિવસે જ વાગી ચૂકી હતી. પાકિસ્તાની દળો ફરી ફરીને આપણી ભૂમિ સરહદનો તેમ જ આકાશી સરહદનો ભંગ કરતા હતા. આ જાતના કાંકરીચાળાનો પ્રભાવી જવાબ દેવા ઈન્દિરા ગાંધીએ આપણા સૈન્યને છૂટ આપી દીધેલી, માટે નવેમ્બર 22મીના રોજ પાકિસ્તાનનાં ચાર સેબર જેટ ભારતના સીમાડામાં ઘૂસી આવ્યાં ત્યારે વાયુસેનાના ઈસ્ટર્ન કમાન્ડના સેનાપતિ ઍર માર્શલ દીવાનની ધીરજ ખૂટી અને તેમણે ચાર નેટ વિમાનોને રવાના કર્યાં.

નેટના પેટાળમાં સહેજ નીચે તરફ રહેલી 30 એમ.એમ.ની તોપોએ ત્રણ સેબર વિમાનોને વીંધી નાખ્યાં. ચોથા સેબરે તેના ઍરબેઝ તરફ વિદાય લીધી. બાંગલાદેશમાં પાકિસ્તાનનું સૈન્યબળ અને ખાસ કરીને તેની વાયુસેનાનું કૌવત ક્ષુલ્લક હોવા છતાં ઈન્દિરા ગાંધીએ તે મોરચાને વધુ અગત્યનું ગણેલું, કેમ કે બાંગલાદેશ વહેલી તકે સ્વતંત્ર રાષ્ટ્ર થાય એમાં ભારતનું હિત સમાયેલું હતું. આથી ત્યાં ઍર ડિફેન્સ માટે MIG-21 તથા Gnat તેમ જ ગ્રાઉન્ડ ઍટેક માટે હન્ટર, MIG-21, Sukhoi-7 વિમાનોનાં સ્ક્વૉડ્રન તહેનાત કરવામાં આવ્યાં હતાં. ●


# યુદ્ધ ૧૯૭૧: ભારતના લડાયક વિમાનો




Gnat




Hunter




HF-24



MiG-21




Sukhoi-7



Canberra

| નેટ | હંટર | એચ.એફ.-24 | મિગ-21 | સુખોઇ-7 | કેનબેરા | નામ અને છાયાકૃતિ |
|---|---|---|---|---|---|---|
| ફાઈટર | ફાઈટર | ફાઈટર | ફાઈટર | ફાઈટર | બોમ્બર | પ્રકાર |
| ૪,૧૨૨ | ૧૧,૧૪૩ | ૧૦,૯૮૫ | ૮,૮૩૩ | ૧૩,૮૧૬ | ૨૪,૯૧૫ | વધુમાં વધુ વજન (કિલોમાં) |
| ૧૦.૩૫ | ૧૪.૦૨ | ૧૫.૮૫ | ૧૪.૯૩ | ૧૬.૭૬ | ૨૦.૧૨ | લંબાઈ મીટરમાં |
| ૧,૯૧૭ | ૧,૧૪૪ | ૧,૨૬૪ | ૨,૧૧૨ | ૧,૬૮૯ | ૮૨૮ | ઝડપ (કિ.મી.માં) |
| ૧,૯૮૪ | ૧,૫૬૮ | ૧,૩૪૪ | ૨,૦૧૬ | ૨,૧૯૨ | ૬,૦૬૪ | ઊડ્ડયનમર્યાદા (કિ.મી.માં) |
| બે તોપ, ૨૨૭ કિલોના બે બોમ્બ | ચાર તોપ, ૪૫૩ કિલોના બે બોમ્બ, ૨૪ રોકેટો | ચાર તોપ, ૪૫૩ કિલોના ચાર બોમ્બ, ૧૯ રોકેટો | એક તોપ, બે વિમાન વિરોધી રોકેટો અથવા ૧૯ નાનાં રોકેટો | બે તોપ, ૪૯૯ કિલોના બે બોમ્બ, ૧૯ રોકેટો | ૪૫૩ કિલોના છ બોમ્બ | શસ્ત્રો |
| ૧૫૦ | ૧૫૦ | ૨૫ | ૧૨૦ | ૧૪૦ | ૫૦ | સંખ્યા |


# યુદ્ધ ૧૯૭૧: પાકિસ્તાનના લડાયક વિમાનો




Seberjet




MiG-19




F-104



Mirage-3



Illushin-28



B-57

| સેબર જેટ | મિગ-૧૯ | એફ-૧૦૪ | મિરાજ-3 | ઇલ્યુશિન-૨૮ | B-57 | નામ અને છાયાકૃતિ |
|---|---|---|---|---|---|---|
| ફાઇટર | ફાઇટર | ફાઇટર | ફાઇટર | બોમ્બર | બોમ્બર | પ્રકાર |
| ૯,૩૩૧ | ૮,૪૨૫ | ૧૩,૦૪૬ | ૧૩,૪૮૧ | ૧૯,૬૧૪ | ૨૪,૯૧૫ | વધુમાં વધુ વજન (કિલોમાં) |
| ૧૧.૨૮ | ૧૨.૫ | ૧૬.૭૬ | ૧૩.૭૧ | ૧૬.૬૮ | ૧૯.૮૧ | લંબાઇ મીટરમાં |
| ૧,૦૮૪ | ૧,૪૪૩ | ૨,૧૧૨ | ૨,૨૧૭ | ૭૯૫ | ૯૩૧ | ઝડપ (કિ.મી.માં) |
| ૨,૪૦૦ | ૨,૧૮૪ | ૨,૨૦૮ | ૧,૩૪૪ | ૨,૧૬૮ | ૩,૫૨૦ | ઊડ્ડયનમર્યાદા (કિ.મી.માં) |
| છ મશીનગન, બે રોકેટો, બે ૪૫૩ કિલોના બોમ્બ | ત્રણ તોપ, ૨ મોટાં રોકેટ | એક તોપ અને બીજાં ૧,૮૧૨ કિલોના શસ્ત્રો | બે તોપ, બે રોકેટો તથા બીજો ૩,૯૮૭ કિલોનો દારૂગોળો | બે તોપ, ૨,૯૯૯ કિલોનો દારૂગોળો | આઠ મશીનગન અને બીજો ૩,૬૨૪ કિલોનો દારૂગોળો | શસ્ત્રો |
| ૬૫ | ૧૦૦ | ૧૫ | ૨૫ | ૨૬ | ૩૨ | સંખ્યા |


પ્રગટ થઈ ગયું છે....
કુલ ૨૩ પ્રકરણોની સળંગ યુદ્ધકથા
સંખ્યાબંધ ચિત્રો, નકશા તથા આકૃતિઓ
શસ્ત્રોની આશ્ચર્યજનક માહિતી
યુદ્ધ '૭૧
ભારત-પાક સંગ્રામની સિલસિલાબંધ સત્યકથા
નગેન્દ્ર વિજય
ફક્ત ૧૪ દિવસમાં
પાકિસ્તાનના જેણે
બે ટુકડા કરી નાખ્યા એ
૧૯૭૧ના ભારત-પાક યુદ્ધની સત્યકથાનું
નગેન્દ્ર વિજયની કલમે લખાયેલું
બેસ્ટ-સેલર પુસ્તક...
₹ 350/-
(પોસ્ટેજ ચાર્જ અલગ)
આજે જ www.harshalpublications.in પરથી ઓનલાઈન ખરીદો.